# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● સળંગ અંક : ૧૮૫ ● તા.૨૫ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.








## ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘનું વિજય તિલક સાથે ભવ્ય પ્રસ્થાન

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# મન મર્કટ છે, એને કાબૂમાં રાખવું મુશ્કેલ છે

મનની અવસ્થા મર્કટ જેવી છે. જે ઘડી બે ઘડી જંપીને બેસતો નથી. ઘડીક અહીં, ઘડીક તંહી, વાંદરાની જેમ ઝાડની ડાળી ડાળી પર કૂદીને પોતાને પ્રવૃત્ત રાખે છે. મનુષ્યનું મન ત્રણ અવસ્થામાં રહે છે. સુષુપ્ત, સ્વપ્ન અને જાગૃત, માણસ ઊંઘ તો હોય કે જાગતો હોય વિચારોના અશ્વો હણહણાટી સાથે આગળ ધસતા હોય છે. જે મનોજંપ લેવા દેતા નથી. અંતર મનની આ અવસ્થા ઈચ્છા, કામના અને આકાંક્ષાની કામનાથી ધગધગતી હોય છે.

માણસ સૂતો હોય ત્યારે સ્વપ્ના જોતો હોય છે. પરંતુ ખુલ્લા આંખે પણ તે સ્વપ્ન ને જોતો રહે છે. દ્રષ્ટિ કંઈ જોતી હોય ને મન મર્કટ બની અન્યત્ર દોડતુ હોય. આ ચિત અવસ્થા સૂન ભરી કરી દે છે અને ત્યારે સાંભળવા મળે છે કે ચિતભ્રમમાં જીવે છે. સ્વપ્નમાં આવતા રૂપકડા લાગે છે. વિચારોના તરંગ બંધ થઈ જાય ત્યારે સ્વપ્નો પોતાની સૃષ્ટિને આગળ વધારે છે. મન સ્થિર નથી એ ચંચલ અને તરંગી છે. એક વિચારની પર અડગ રહેનાર નથી. ઘડીક અંહીયા અને ઘડીક ત્યાં એવી અવસ્થા ભોગવે છે.

જેમ સારા માણસોની નિષ્ક્રિતાથી દુષ્ટ તત્વોને મોકળું મેદાન મળે છે. ધર્મીઓની સુષુપ્તાથી અધર્મીઓ જાગૃત રહે છે. જે આખરે વિનાશકતાનો માહોલ સર્જે છે. સજાગતા અને સર્તકતાનો સજ્જનો રાખે તો દુર્જનો વિકસી શકતાં નથી. એટલે જ સારા માનવીઓ સમયસર જાગૃત થતા નથી એટલે ખરાબ માનીવઓ પોતાનો ઉપદ્રવ બે રોકટોક મચાવતા રહ તેછે. જે કાર્ય કરીએ તેનું વધુ મહત્વનું નથી મહત્વ તેનું છે કે આ શા માટે કરી રહ્યાં છીએ?

મનોવૈજ્ઞાનિક કહે છે કે સ્વપ્નએ વ્યક્તિની ઈચ્છાને સંતોષ આપતી માનસિક અવસ્થા છે. સહેલાઈથી મનને આત્મ સંતોષ, માનસિક સુખ મળે એટલે સ્વપ્ન જુએ છે. સપના સેવે છે. માણસનું મન પોતાનું જોવાને બદલે અન્યની જિંદગીમાં ડોકિયા કરે છે. અન્યની ચાલ, ચલગત, આચાર, વિચાર શું કરે છે, કેવી રીતે જીવે છે, એના સ્વજનો, પરિવારજનો મિત્રો સાથે કેવી રીતે રહે છે, વર્તે છે. એની આગળ વધવાની યોજના શું છે એ જાણવાનો સતત પ્રયત્ન તે કરતો રહે છે. મર્કટ જેમ એક ઝાડની ડાળી પર બેસી રહેતો નથી એમ મનનો મર્કટ એક જ વ્યક્તિના જીવનમાં ડોકિયું નથી કરતું, પણ આજુબાજુના સૌ, તેના સંપર્કમાં આવતા સૌના જીવનમાં સતત ડોકિયું કરી તેનું પગેરું રાખે છે. અને એ હિસાબે પોતાનો પ્લાન ઘડે છે. એ સૌથી પોતે આગળ રહે એવા ખ્યાલથી પોતાના કામના સોગઠા ગોઠવે છે.

માત્ર સપના જોતો મન જો એ સપના સિધ્ધ થાય એ માટે જહેમત કરે તો ઘણી બધી સિધ્ધિ હાંસલ કરી સફળતાના શિખર તરફ પોતાના કદમ રાખી શકે છે. અળવિતરું મન માત્રને માત્ર તર્કહીન વાતો ને ઝૂલે ઝૂલયા કરે તો શ્રમને લીધે થાકી જશે પણ રહેશો તો ઠેરનું ઠેર. આગળ વધવા આશા સાથે ઉમંગ. ઉત્સાહ અને સંયમનો સાથ હળે તોજ લક્ષ્ય પામવું સહેલું થશે.

– જય જ્ઞાતિમૈયા

# સ્વ પરના વિશ્વાસથી સફળતા પ્રાપ્ત થાય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

લોકોનું કામ છે કહેવું. કોઈ બે જણ મળે એ ત્રીજી વ્યક્તિ માટે વાતો કરે એ માનવ માત્રની પ્રકૃત્તિ છે, એ જ નિરંતરની પ્રવૃત્તિ છે. પીઠ પાછળ વાતો કરવીએ માણસોની ગમતી અને પસંદ પડતી વાત છે. આપણે પોતે આપણી પર વિશ્વાસ ન રાખતા અન્યનો વિચાર, વર્તાવને વાત પર ખરો ભરોસો કરીએ છીએ. તેમની વાત માનીએ છીએ. જ્ઞાનીઓ એ કહ્યું છે ગામનું મોઢે ગળણું ન બંધાય. લોકો છે એ વાત કરવાના છે. સન્મુખ આવે ત્યારે હસી ખુશીને લળી લળીને વાત કરે છે. જ્યારે પીઠ પાછળ ટીકા, નિંદા અને બુરાઈના ખાડા ખોદી આપણને એમાં પાડવાની કોશિશમાં ખૂંપેલા હોય છે.

કોઈક એ ખરૂં કહ્યું છે કે પોતાના પર વિશ્વાસ રાખો એ આપણ હિંમત બની જાય છે અને બીજા પર વિશ્વાસ રાખીએ તો નબળાઈ બની જાય છે. એટલે જીવનનું લક્ષ્ય આપણને તય કરવું જોઈએ. બીજાઓની વાતો પર મદાર રાખીને મંઝિલ સર થઈ નથી શકતી. લોકો શું કહેશે એ ભયના ઓથાર હેઠળ જીવી ન શકાય કે ન તો આગળ વધી શકાય. અન્યની વાતો પર મદાર રાખી દેવાથી લક્ષ્યાંક પાર પાડી શકાતું નથી. લોકો મારા માટે શું વિચારે છે. એની ચિંતા કરવાથી લક્ષ્ય ચૂકાઈ જાય છે. કોઈ એક મંઝિલ ત્યારે જ મળે છે જ્યારે સો ટકા ધ્યાન તેની ઉપર અપાય. એટલે જ તો કવિ એ લખ્યું છે કે 'કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો જડતો નથી. અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.'

લક્ષ્યની પ્રાપ્તિ માટે સંકલ્પ બળ હોવું જરૂરી છે. મનમાં સાહસની ભાવના અને સિધ્ધિ પામવાની અખંડ સાધનાથી જ મંઝિલ પર આસાનીથી પહોંચી શકાય છે. નકશાના ઉપયોગથી મંઝિલે પહોંચવાનું માર્ગદર્શન મળે છે પણ મંઝિલ પહોંચવા સખત મહેનત કરવી જરૂરી હોય છે. એટલે જ અનુભવીનું કથનછે. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી અને ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘનું વિજય તિલક સાથે ભવ્ય પ્રસ્થાન





તા.૨૨ ડિસેમ્બર બુધવાર સવારે ૬ કલાકે આગમ તીર્થ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણ વૃંદોની શુભનિશ્રામાં ભાંડુપમાં ઈતિહાસનો પ્રથમ અને એકમેવ છ'રિપાલિત સંઘ વિજય તિલક અને શંખનાદ સાથે થાણાની તરફ છેડા હાઈટ જિનાલય કે.વી.ઓ.સંઘ ભાડુંપથી પ્રસ્થાન થયેલ. પ્રસ્થાન પૂર્વે સવારે ૫ કલાકે મહાપ્રભાવશાળી રિધ્ધિ સિધ્ધિ સમૃધ્ધિદાયક મહામાંગલિક થયેલ.



રસ્તામાં ગોવર્ધન નગર મુલુંડ જિનાલય, ચેકનાકા મુલુંડ, ચંદ્રપ્રભુ દેરાસર થાણા દ્વારા છ'રિપાલિત સંઘનું ભવ્ય સામૈયું થયું. સવારે ૯ કલાકે મુનિ સુવ્રત જિનાલય ટેમ્બી નાકા થાણા જિનાલયમાં મુકામ થયું. અત્રે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી મહાચમત્કારી શનિ ગ્રહાધિપતિ મુનિસુવ્રત મંત્ર અનુષ્ઠાન થયા. બપોરે ૩.૩૦ કલાકે યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી પ્રવચનનો લાભ સૌ પામ્યા હતા.

# ભાંડુપ-અગાસી છ'રિ પાલિત સંઘના દ્વિતીય દિવસે ગુરૂવરોની પુનિત જિનવાણી







ભાંડુપ નગરશી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘની યાત્રા પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રીઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણવૃંદોની શુભ મંગલકારી નિશ્રામાં અદ્ભૂત રીતે આગળ વધી રહી છે. તા.૨૩ ડિસેમ્બર ગુરૂવાર છ'રિ પાલિત સંઘના દ્વિતીય દિવસે ભીવંડી સંઘમાં બપોરે ૩.૩૦ થી ૫ જિનવાણી અંતર્ગત ગુરૂવરની પ્રવચન લ્હાણીનો ૧.૩૨ કલાકનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/_AG97zOqp9Q પર જોઈ. માણી અને ધન્ય લાભ સાથે સાંભળી શકાય છે જરૂર લાભ લેશો.

## ભાંડુપ-અગાસી છ'રિ પાલિત યાત્રા સંઘ દ્વારા સંધ્યા ભક્તિનું અદ્‌ભૂત આયોજન




ભવ્ય ભક્તિ ધામ ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘના દ્વિતીય દિવસે તા.૨૩ ડિસેમ્બર ગુરૂવારના રોજ સંઘમાં સંધ્યા સમયે ૬ થી ૭ સુધી સંધ્યા ભક્તિનું અદ્‌ભૂત અનોખું આયોજન થયું હતું. આ ધર્મ લાભનો ૧.૨૦ કલાકનો યુટ્યૂબ લિન્ક https://youtu.be/aVKJzJ2ZrD8 પર જોઈ સાંભળી માણી શકાશે. ઘર બેઠા ધર્મલાભ પામવાનો આ અનોખો અવસર છે.

## ભાંડુપ-અગાસી છ'રિ પાલિત સંઘ દ્વારા ઓસવાલ પાર્ક જિનાલય ભીવંડી મધ્યે અચિંત્ય મહિમાવંત શ્રી અષ્ટોતરી મહાવિધાન દ્વારા ધર્મ આરાધનાઓ થઈ




તા.૨૨ ડિસેમ્બર બુધવારના ભાંડુપ સંઘથી મંગલ પ્રસ્થાન થયેલ અગાસી તીર્થ સુધીના છ'રિ પાલિત સંઘની યાત્રા પ.પૂ. આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રીઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણી વૃંદોની શુભનિશ્રામાં ધર્મલાભ સાથે આગળ વધી રહી છે.

યાત્રા સંઘના દ્વિતીય દિવસે તા.૨૩ ડિસેમ્બર ગુરૂવારે ઓસવાલ પાર્ક જિનાલય ભીવંડીમાં સવારે ૯.૩૦ કલાકે અંચિત્ય મહિમાવંત શ્રી અષ્ટોતરી મહાવિધાનની ધર્મ આરાધનાઓ થઈ. ૨.૩૪ કલાકનો આ ધર્મ આરાધનાનો વીડિયો યુટ્યૂબ લિન્ક https://youtu.be/WvELbAfVaGQ પર જોઈ, જાણી, માણી શકાશે તો અવશ્ય લાભ પામશો.

## છ'રિ પાલિત સંઘના ત્રીજા દિવસે કામણ તીર્થમાં ભક્તિ ભાવથી સૌ ધર્મ મગ્ન થયા

ભાંડુપથી અગાસી તીર્થના છ'રિ પાલિત સંઘના તૃતીય દિવસ તા.૨૩ ડિસેમ્બર શુક્રવારના સવાર ૪.૪૫ કલાકે માંગલિક કરાયું. સવારના ૫ કલાકે ઓસવાલ પાર્ક ભીવંડીથી છ'રિ પાલિત સંઘનું કામણ તીર્થ તરફ વિહાર માટે પ્રસ્થાન થયું.

સવારે ૯.૨૦ કલાકે કામણ તીર્થમાં ભવ્ય પ્રવેશ. ૯.૩૦ કલાકે પાંચ કિલો સુંગધિત પુષ્પો મોગરો, જાઈ, જુઈ, ચંપા, ચમેલી ઈત્યાદિની ઉતમ સુવાસ યુક્ત પુષ્પોથી મુનિસુવ્રત સ્વામી અનુષ્ઠાન અદ્‌ભૂત ભાવ ભક્તિ સાથે થયા. બપોરે ૧૨ કલાકે એકાસણા, ૩ થી ૪ બપોર સમયે પ્રવચન બપોરે ૪ થી ૫ સંઘપતિ પરિવારને સંઘમાળ પહેરવાના ચડાવા બોલાયા અને સાંજે ૬ થી ૭ સંધ્યા ભક્તિ દ્વારા ધર્મ આરાધનાની લ્હાણ થઈ.

## ભાંડુપ સંઘમાં અચલગચ્છ યુવા પરિષદનો પ્રથમ સંમેલન યોજાયો







તા.૧૯ ડિસેમ્બર રવિવારના ભાંડુપ સંઘમાં સાધના સમ્રાટ ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં ગણિવર્ય પદ અભિનંદન સમારોહ, ૧૮૦ ઉપવાસના તપસ્વી રાજેશભાઈનું બહુમાન સાથે અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના તત્વધાનમાં અચલગચ્છ યુવા પરિષદની સ્થાપના પછીનો પ્રથમ સંમેલનનું ભવ્ય આયોજન કરાયું. કાર્યક્રમમાં શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટીઓ તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં યુવાઓ ભાગ લીધો હતો અને આયોજનને સફળ બનાવ્યું હતું.

## શિવમસ્તુ તીર્થે ત્રિભુવન તિલક પાર્શ્વનાથના દિવ્ય સાંનિધ્યમાં દીક્ષાર્થી મુમુક્ષુ રાજવી બેનનું બહુમાન કરાયું





કચ્છના બંદરીય નગર માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થે ત્રિભુવન તિલક પાર્શ્વનાથના દિવ્ય સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર, પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ને દીક્ષાર્થી મુમુક્ષુ રાજવીબેને દીક્ષા પ્રદાન કરવાની વિનંતી કરી.

પ.પૂ.મુનિરાજશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ ચારિત્ર જીવનનું મહત્વ સમજાવ્યું. આચાર્ય ભગવંત, મુનિ ભગવંતો, સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતમાં મુમુક્ષુ રાજવીબેનનું ભાવપૂર્વક બહુમાન કરવામાં આવ્યું.

## છ’રિ પાલિત સંઘના ચતુર્થ દિવસના મુકામે નાલાસોપારા સંઘમાં અદ્‌ભૂત ભાવથી સંધ્યા ભક્તિ થઈ

ભાંડુપથી અગાસી તીર્થ સુધીના છ’રિ પાલિત સંઘના તા.૨૫ ડિસેમ્બર શનિવારે ચતુર્થ દિવસના મુકામ નાલાસોપારા ઈસ્ટ નગરે સાંજે ૬ થી ૭ કલાકે અચલગચ્છાધિપતિ મ.સા.ના આગમનની ખુશી ભર્યા માહોલમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણીવૃંદોની શુભનિશ્રામાં સંધ્યા ભક્તિનું આયોજન ભાવ ભક્તિથી કરાયું. જેની વીડિયો લીંક https://youtu.be/Smmus2jaZik છે. જેની ઉપર આ ધર્મ ભાવ ભક્તિ આરાધનાનો લ્હાવો ઘર બેઠા પામી શકાશે.

## શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા નવા વર્ષ કેલેન્ડરનું વિતરણ શરૂ કરાયું



તા.૨૫ ડિસેમ્બર શનિવારના શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા પ્રકાશિત કરાયેલ જાન્યુઆરી ૨૨ થી ડિસેમ્બર ૨૨ સુધીના નવા વર્ષના કેલેન્ડરનું વિતરણ શુભારંભ કરાયો.

## છ'રિ પાલિત સંઘના ચર્તુથ દિવસે નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં શનિ ગ્રહાધિપતિ શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની ૮૪ દ્રવ્ય યુક્ત પંચ કલ્યાણક મહાપૂજા

ભાંડુપ નગરથી અગાસી તીર્થે છ'રિ પાલિત સંઘ યાત્રાના ચતુર્થ દિવસે તા.૨૫ ડિસેમ્બર શનિવારના રોજે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક સુધી નાલાસોપારા (ઈસ્ટ) સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા તથા શ્રમણીવૃંદોની શુભ મંગલ નિશ્રામાં શનિગ્રહાધિપતિ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનની ૮૪ દ્રવ્ય યુક્ત પંચ કલ્યાણક મહાપૂજા સંગે ધર્મ આરાધનાઓ કરાઈ.

૨.૪૫ કલાકનો આ ધર્મ આરાધનના વિડીયો યુટ્યૂબ લિંક https://youtu.be/BzbjNmvbGVA પર જોઈ, માણી લાભ લઈ શકાશે.

## પ.પૂ.સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૩૪મા વર્ષમાં પુનીત પગરણ



રાપરગઢવાળી તાલુકા અબડાસાના માવિત્ર સોનબાઈ લખમશી દામજી લોડાયાના લાડકવાયી દીકરી માગસર વદ ૩ વિક્રમ સંવત ૨૦૪૫ના દિને મોક્ષમાર્ગનો પંથ પસંદ કરી સંયમ જીવન સ્વીકાર્યું. માટુંગા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી પ.પૂ.સાધ્વીશ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.સા. નામ પામ્યા. ગુરૂ નામ પ.પૂ.સાધ્વીશ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.

તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૧ મંગળવાર દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૩૩મા વર્ષનો પથ કાળ ૩૪મા વર્ષમાં પગરણ માંડ્યા છે. રજત વર્ષની સિધ્ધિ વટાવી આગામી સુવર્ણ શિખરને પણ પાર કરી શતક સિધ્ધિ પ્રાપ્ત કરે એ જ આપણી સૌની મનોકામના ભરી શુભ ભાવના.

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના સર્વે મહાજન મંડળ, સંઘ જોગ નમ્ર નિવેદન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જ્ઞાતિજનોના ઉત્થાન અર્થે ચલાવતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી જ્ઞાતિજનોને મળી રહે એ માટે દરેક ગામના મંડળ, સંઘ, મહાજનશ્રીઓને વિનંતી છે કે કચ્છ, હાલારને દેશાવારન દરેક ગામોમાં જ્ઞાતિ સભ્યોની માહિતી વિગત વોટસ ઍપ નંબર સમસ્ત મહાજનના મેનેજર મનિષ રતિલાલ લોડાયાને મો.ન.૭૫૦૬૦૭૦૮૫૧ ઉપર મોકલી આપવી જેથી સૌને પ્રવૃત્તિની માહિતી આપી શકાય અને તેઓ સૌને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જ્ઞાતિ સેવાના મહાયજ્ઞમાં યોગદાન આપવા જોડી શકાય એજ વિનંતી નિશીથ દંડ સેક્રેટરી જનરલ દ્વારા કરાઈ છે.

## અચલગચ્છાધિપતિ શ્રીનો દહીંસરથી જયનાદ મંગલમય પ્રસ્થાન

તા.૨૪ ડિસેમ્બર શુક્રવાર રોજે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા દહીં સરથી જય જય હોજો મંગલ હોજો ના નાદ સાથે વિહાર પ્રસ્થાન કર્યો. લોઢા ધામમાં દર્શન કરતા ગિરનાર ધામ પધારયા. તા.૨૫ ડિસેમ્બર શનિવારે વસઈ થઈ નાલાસોપારા ઈસ્ટ સંઘમાં છ'રી પાલિત સંઘ સાથે સમ્મલિનત થયા.

# મણીકાંત પદમશી મોતાના અતિ ઉત્તમ કાર્યને બિરદાવતા જાગૃતિ વિચાર મંચ કોચીન દ્વારા સન્માન કરાયું




તા.૧૯ ડિસેમ્બર રવિવાર સાંજે ૫.૩૦ કલાકે શ્રી કોચીન દરિયાસ્થાન મંદિર હોલમાં શ્રી કોચીન ગુજરાતી મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ મણિકાન્તભાઈ પદમશી મોતાના અતિ ઉત્તમ કાર્યને બિરદાવી એમનું સન્માન કરવા માટે શ્રી જાગૃતિ વિચાર મંચ કોચીન દ્વારા એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ.

સમારોહના અતિથિ વિશેષ પદે સચીનલાલ બાફના ઉપસ્થિત રહી શોભા વધારી હતી. આ અવસરે મણિકાંતભાઈના કાર્યની સરાહના કરતા અને સમાજના મધ્યમ વર્ગના ઓ માટે રહેવા માટે આવાસ યોજનાઓ અને બાળકોને ભણવા માટે પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી આરામથી ભણી શકે એ હેતુથી કોલેજનું નિર્માણ અંગે બધી વાતોને પ્રસ્તુત કરવામાં આવી અને સાથો સાથ એમની સમાજ પ્રત્યેની ઉમદા કામગીરીને બિરદાવતા ખૂબ ખૂબ અનુમોદના કરાઈ હતી.

મણિકાંતભાઈએ સૌ પ્રથમ કલ્પતરૂ કો.ઓ.હાઉસિંગ સોસાયટી લિમિટેડની સ્થાપના કરી અને તે સમયે નીતિનભાઈ પારેખ, વિશનજી પદમશી, ભરત કુંવરજી અજીતભાઈ ગોવિંદજી તથા જગજીવનદાસ જમનાદાસ અને અન્યનો ખૂબ સાથ અને સહકાર મળેલ હતો. ત્યારબાદ કામધેનુ એપાર્ટમેન્ટ (૨૬ ફ્લેટ), લક્ષ્મી એપાર્ટમેન્ટ (૩૯ ફ્લેટ), સનરાઈઝ એપાર્ટમેન્ટ (૨૪ ફ્લેટ) આમ કુલ્લ ૮૯ ફ્લેટસનું નિર્માણ થઈ ચૂક્યું છે અને એમનું ૧૦૦ ફ્લેટ સર્જનનું સ્વપ્ન ચોથા પ્રોજેક્ટથી સાકાર રૂપ થઈ જશે. જે માટે ૨૪ ફ્લેટના નિર્માણની તૈયારીઓ પૂરજોશથી ચાલી રહી છે. આની સાથે સાથે શ્રી રામ બહાદુર ઠાકુર ગુજરાતી કોલેજ પણ ચાલુ થઈ ગઈ છે. જેનો પ્રદેશના અન્ય બાળકો પણ લાભ લઈ રહ્યા છે.

આવી અનોખી પ્રતિભાશાળી, કાર્યનિષ્ઠ અને સમાજ પ્રત્યે ભાવથી સમર્પિત વ્યક્તિએ સમાજમાં એવો પરિવર્તન કરી દીધું છે કે સમાજ એમને આજે God Father તરીકે સંબોધિત કરે છે.

કામધેનુ એપાર્ટમેન્ટ વતી પરેશ ચંદુલાલ ધરમશીએ પુરા પ્રોજેક્ટ દરમ્યાન પોતાના અને અન્ય ફ્લેટ ઓનર્સના કઈ રીતે સૌના પોતાના ઘરના સ્વપ્ન સાકાર થયા અને કઈ રીતે મધ્યમ વર્ગના પરિવારો આજે લાખોપતિ બની ગયા એ વિસ્તારપૂર્વક સભા સમક્ષ રજૂ કર્યા હતા. એપાર્ટમેન્ટના સર્વે સભ્યોએ મણિકાંતભાઈનું શાલ અને શ્રીફળ આપી સન્માન કર્યું. સૌના લાગણી ભાવ સ્વીકારી તેઓ ગદગદ થઈ ગયા હતા.

મહેન્દ્રભાઈ પારેખ, વિશ્વનાથ અગ્રવાલ, રમેશ પાલિચા, રતનલાલ બાફના, કલ્પેશ કિશોર શાહ, મુકેશભાઈ જૈનએ સૌએ મણિકાંતભાઈ સાથે કાર્ય કરતા એમના અનુભવો અને સમાજ પ્રત્યેની તેમની લાગણી, પ્રેમ અને નિષ્ઠાની સરાહના કરી હતી. ૯૬ વર્ષીય વડીલ વિશનજીભાઈ પદમશીએ પોતાના મંતવ્યો વીડિયો દ્વારા પહોંચાડ્યા હતા.

દરેક સમાજમાં આવા હીરા હોય છે. એમણે કરેલા કામની અનુમોદના કરવી એમનું સન્માન કરવું એ દરેક સમાજનું પરમ કર્તવ્ય છે અને જરૂરી પણ છે. સમાજ એક દિવસમાં કે એક વ્યક્તિથી આગળ નથી આવી જતો આમાં ઘણા બધા લોકોની મહેનત લાગેલી હોઈ છો અને અનોખી વ્યક્તિની અજબ કામગીરી ભર્યું નેતૃત્વ મળ્યું હોય છે. કેટલીય મુસીબતોનો સામનો કરીને એક સમાજનું નિર્માણ થાય છે એનો અંદાજ ઘણા લોકો સમજવામાં વાર લગાડે છે. આજના યુવાનો અને વડીલોનું માન સન્માન અને આદર કઈ રીતે કરવું જોઈએ એ શીખવાની જરૂર છે. દરેક વડીલોના કામની કદર, અનુમોદના કરવી સમાજના હરેક વ્યક્તિની પવિત્ર ફરજ છે.

જાગૃતિ વિચાર મંચ કોચીન એ આવા અદ્‌ભૂત અનોખા અનુમોદના સમારોહનું આયોજન કરી એક અનોખી મિસાલ કાયમ કરી છે. એ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

# પારોલા તીર્થે સંગેમરમરના આગમ મંદિરમાં હસ્તલિખિત તાડપત્ર પત્રોની સ્થાપના કરવામાં આવી





મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના પરમધામ પારોલા નગરે સૌ પ્રથમવાર અત્રેના શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પારોલામાં પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પુનિત ભાવની પ્રેરણાથી સંગેમરમર આગમ મંદિર બનાવવામાં આવ્યું છે. જેમાં ૪૫ આગમ હસ્તલિખિત તાડપત્ર પત્રોની સ્થાપના કરવામાં આવેલ છે.

---

# જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીધામ દ્વારા આયોજીત બૃહદ ગાંધીધામ જૈન સમાજ માટેની ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેડીઓ શીવમ લોજીસ્ટીક ટીમ વિજેતા થયેલ




જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીધામ દ્વારા બૃહદ ગાંધીધામ જૈન સમાજ માટે તાજેતરમાં આયોજીત શ્રી હિરાલાલ પારેખ મેમોરીયલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન, ડીપીટી સ્ટેડીયમ, ગોપાલપુરી મધ્યે યોજાયેલ, જેમાં કેડીઓ શીવમ લોજીસ્ટીક ટીમ વિજેતા થયેલ.

આ જૈન પ્રિમીયર લીગ-સીઝન ૮ ની ટુર્નામેન્ટમાં સમાજના વિવિધ ફિરકાઓની કુલ ૧૪ ટીમોએ ભાગ લીધેલ હતો જેમાં કેડીઓની ૨ ટીમોએ ભાગ લીધેલ જેમાં શીવમ લોજીસ્ટીક અને આદીનાથ સ્ટ્રાઈક્સ હતા. અને તા.૧૬-૧૭ દરમ્યાન ૪ દિવસની આ ધમાકેદાર ટુર્નામેન્ટમાં ગત વર્ષની ચેમ્પીયન સક્સેસ ઈલેવનને સેમી ફાઈનલમાં હરાવી અને ફાઇનલમાં અરિહંત ઈલેવન સામે મહામુકાબલો કેડીઓ ટીમ જીતી વટભેર ચેમ્પીયન બનેલ. આ ટીમના કેપ્ટન જય ખોના અને ટીમના સ્પોન્સર મુકેશ દંડ તથા રવીન્દ્ર ભાખી છે. આ વિજેતા થયેલ ટીમને મહાજન પ્રમુખ શ્રી લહેરચંદ ખોના તથા એકમ પ્રમુખ મહેશ લાલકા, મંડળ પ્રમુખ હિતેન છેડા તેમજ જ્ઞાતિજનોએ અભિનંદ પાઠવેલ છે. અને ટીમ ઉત્તરોતર પ્રગતી કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જ્ઞાતિના બહોળી સંખ્યામાં ક્રિકેટ રસીકો ગ્રાઉન્ડ ઉપર હાજર રહી અને ટીમોને પ્રોત્સાહન આપેલ. જૈન સોશ્યલ ગ્રુપના જ્ઞાતિસભ્યો જીતેશ મોમાયા, કેતન લોડાયા તથા મિતેશ મોતાએ કાર્યક્રમને સફળ બનાવા માટે જહેમત ઉઠાવી હતી. અને હવે આ ટીમ ગાંધીધામ જૈન સમાજવતી સૌરાષ્ટ્ર રીજીયન માટે ભાવનગર રમવા જવાની છે તે બદલ શુભેચ્છાઓ.

# મારા પ્યારના સાગર... વિમલાને
# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા.૦૬-૦૯-૧૯૩૯

અરિહંત શરણ
તા.૨૦-૧૧-૨૦૨૧

## સ્વ. સૌ. વિમલા થોભણ લોડાયા

### ગામ રવા - હાલ કલીકટ

માણેલી હરપળ હરઘડી તારી યાદ આવે છે.
જીવનની સમી સાંજે તારી સ્મૃતિ ઝિંદાદિલી બક્ષે છે,
તૂ હતી મારી પ્રેરણામૂર્તિને દરિયા દિલ હમસફર,
સમજદારી અને વ્યવહારિક કૌશલ્યથી ભરતા'તા હરડગર
જીવન ઉદ્યાનના પુષ્પો ભરત, મનિષ અને આનંદને
સુસંસ્કારોથી સિંચવ્યા, દિકરી સમાન ભારતી અને પારૂલને
આપના પ્રેમના પમરાટથી પ્રફુલ્યા અને સ્નેહથી સંભાળ્યા
વિમલા તારા જીવનના ઉપવનમાં ખીલેલા ફૂલોની વેલી
જેવા જીગર, કૃતિકા અને વિમલ ને વ્હાલથી લાડ લડાવ્યાં
તેઓ દાદીમા વગર સૂના થઈ ગયા છે. ખંત ચિવટથી શૂન્યમાંથી
સર્જન કરતાં રસ્તો મળ્યો. તારા સહકારથી કદમ ભરતા જીવનની
કેડી સુગમ થતી ગઈ. તારી સાથે વિતાવેલા મધુર સંભારણા
યાદ કરતાં આંખો અમારી ભીની થઈ જાય છે.
તારા બગીચામાં વાવેલા ફૂલોનાં છોડ ગુલાબ, મોગરો,
રાતરાણી વિગેરે એની મીઠી સુવાસથી મઘમઘી રહેલો બાગબાન
મહેંકી રહ્યો છે. પણ તારા વગર મધુવન સૂનું થઈ ગયું છે.
પરિવારને મંદિર જેમ મહેકતો રાખનાર વિમલાના દિવ્ય આત્માને
પ્રભુ પરમ શાંતિ અર્પે

જીવન સફરના સાથી

**થોભણ ચાંપશી લોડાયા**

# સાંતાક્રુઝ વેસ્ટ નગરે શ્રી અજીત કંથુનાથ સ્વામી ભગવાન ચોકનું લોકાર્પણ કરાયું





શ્રી સાંતાક્રુઝ વેસ્ટ અચલગચ્છ જૈન સંઘના સાંનિધ્યમાં અત્રે ઉપનગરના મુખ્ય જાહેર માર્ગના ચોકને શ્રી અજીત કંથુનાથ સ્વામી ભગવાન ચોકથી નામકરણ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાવન કરકમલો દ્વારા જાહેર કરાયું. સાંસદ શ્રીમતી પૂનમ મહાજન મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી એડવોકેટ આશીષ શેલાર અને સ્થાનિક કાઉન્સિલર શ્રીમતી હેતલ ગાલાના પ્રયત્નોથી આ ચોકનું નામકરણ થયું. આ પ્રસંગે એડવોકેટ આશીષ શેલાર નગરસેવિકા હેતલ ગાલા, શ્રી સાંતાક્રુઝ વેસ્ટ સંઘના પદાધિકારીઓ પૂજ્ય સાધુ સાધ્વીજીઓ અને સંઘના શ્રાવક શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી. આ પ્રસંગને ઉમળકાથી વધાવ્યો હતો. સાહેબજીએ શાસન ધજા લહેરાવી આશીર્વચન આપ્યા હતા.







# નાલાસોપારા નગરે અચલગચ્છાધિપતિનું ભવ્યાતિભવ્ય સામૈયું






તા.૨૫ ડિસેમ્બર શનિવાર રોજે દહીસર, લોઢાધામ અને વસઈ થઈ વિહાર કરી. નાલાસોપારા નગરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નું ભવ્ય આગમન થતાં પૂજ્ય સાહેબનું ભવ્યાતિભવ્ય રીતે ઉમળકા ભેર સામૈયું કરાયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ તથા ભાંડુપથી અગાસી છ'રિ પાલિત સંઘના યાત્રિકો સાહેબના પધારવાથી ધન્યતાની લાગણી અનુભવી હતી. સૌ હૈયા ખુશીથી ફુલ્યાં હતા. ચોતરફ આનંદ, મંગલનો માહોલ વર્તાયો હતો.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**કવીર**

લોડાયા પરિવાર

માતા - નેહા

પિતા - રૂતેશ

જન્મ - ૨૩-૧૧-૨૦૨૧





**રણક**

મોમાયા પરિવાર

માતા - મયુરી

પિતા - હિતેન

જન્મ - ૦૧-૧૨-૨૦૨૧



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હિત દંડ**
તા.૧૯ ડિસે. (ઉ.૨૧)
સુથરી-ડોંબિવલી



**તિલક મૈશેરી**
તા.૧૯ ડિસે. (ઉ.૬૫)
સાંધાણ-ડોંબિવલી



**ગુણવંતી નાગડા**
તા.૨૦ ડિસે. (ઉ.૬૫)
પરજાઉ-મુલુંડ



**કિરીટ દંડ**
તા.૨૧ ડિસે. (ઉ.૬૮)
સાંધાણ-માટુંગા



**ચેતનભાઈ મોમાયા**
તા.૨૧ ડિસે. (ઉ.૫૪)
મોટી સિંધોડી-ઈન્દોર



**હિરેન લોડાયા**
તા.૨૨ ડિસે. (ઉ.૪૦)
સાંધવ-સાંધવ



**મનોજ ધરમશી**
તા.૨૩ ડિસે. (ઉ.૫૦)
ગોરખડી-મુલુંડ



**મુરજી લોડાયા**
તા.૨૪ ડિસે. (ઉ.૮૭)
કોઠારા-મલાડ



**જગેન્દ્ર મોમાયા**
તા.૨૪ ડિસે. (ઉ.૭૭)
જખૌ-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● ભુજની માતૃછાયા વિદ્યાલય ગુજરાત રાજ્ય હેન્ડ બોલ એસોસિએશન દ્વારા રાજ્ય કક્ષાની સિનિયર સ્ટેટ વુમન્સ હેન્ડ બોલ ચેમ્પિયનશીપ અમરેલી મુકામે યોજાઈ હતી એમાં ભાવનગર ગ્રામ્યની ટીમને ૧૯–૮ ના ગોલના તફાવતથી હરાવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના વ્યાયામ શિક્ષક મનીષ પટેલ કોચ તરીકે સાથે રહ્યાં હતા.

● જિલ્લાની પાવર પટ્ટી વિસ્તારના મોટા ભાગના વિસ્તાર તેમજ ઉત્તર પરછમના સીમાડામાં લીલાછમ એરંડાના પાકમાં ઘોડિયા અને લશ્કરી જાતની ઈયળના ભારે ઉપદ્રવે ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે. જેને લીધે એરંડિયાનો પાકનો સોથ વળતો નજરે ચડે છે. આ ઉપદ્રવને નાથવા ખેડૂતો રાત દિવસ દોડધામ આદરી છે.

● આયુર્વેદના નિષ્ણાત વૈદ્યને કોઈપણ જાતના મેડિકલ રિપોર્ટની જરૂરત રહેતી નથી. તેઓ દર્દીના રોગોની નાડી પરીક્ષણ પરથી દવા આપે છે. મારૂં કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ સંચાલિત સાર્વજનિક પ્રાથમિક નિદાન કેન્દ્ર ભુજ દ્વારા યોજાયેલ કેમ્પમાં વૈદ્ય ડૉ.નરેન્દ્ર વર્માએ આ વાત જણાવી આયુર્વેદની શક્તિની વાત કહી હતી. કેમ્પમાં ૨૫૦ દર્દીઓને રોગપ્રતિકાર શક્તિ વધારનાર, સ્વાસ્થ્ય પ્રદ આયુર્વેદિક અમૃત પેય ઉકાળો પીવડાયો હતો. ૯૦ વૃધ્ધની જરા ચિકિત્સાની અંદર નિર્ગુન્ડી તેલ તેમજ આરોગ્યવર્ધક ગોળી રસાયણ ગુટિકા અપાઈ હતી.

● માંડવી તાલુકાના બાડા ગામના ત્રણ જૈન પરિવાર દ્વારા પોતાના સંતાનોના લગ્નોત્સવની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં વસતા હોવા છતાં માદરે વતન આવી ત્રિદિવસીય લગ્નની ઉજવણીનું આયોજન કરી સંતોનાના લગ્નને યાદગાર બનાવવા વિવિધ કાર્યક્રમ કર્યા હતા. ગામની દરેક શેરીની સફાઈ, ફળિયાઓ અને જાહેર માર્ગોને સુંદર ચિત્રો અને સુવિચારો વડે સુશોભિત કરી આંગી શણગાર કરાયો હતો. દાંડિયા રાસ તથા પ્રભુ ભક્તિ ભાવનાના કાર્યક્રમ યોજાયા હતા. ગાયો માટે ત્રણ દિવસ લીલો ચારો, કૂતરાઓ માટે દૂધ–ખીચડી, પક્ષીઓ માટે ચણ, માછલીઓ માટે લોટ જેવી જીવદયાની પ્રવૃત્તિ કરાઈ હતી. તો માનવ સેવા કાજે ભોજાય મધ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું.

● પ્રવાસન ક્ષેત્રે છેલ્લા ૧૫ વરસમાં કચ્છમાં અકલ્પનીય વિકાસ થયો છે અને હજી પણ સતત વિસ્તાર થઈ રહ્યો છે. રણોત્સવ વિશ્વ પ્રસિદ્ધ હતો જ હવે ધોળાવીરા પણ વર્લ્ડ હેરિટેજ સાઈટ ઘોષિત થવાથી કચ્છનું સ્થાન આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાં મોખરે આવી રહ્યું છે. ભવિષ્યની જરૂરિયાતોને યોગ્ય રીતે પહોંચી વળવા શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી નવા કૌશલ્ય કેન્દ્રિત ટૂંકા ગાળાના કોર્સનું આયોજન કરશે. ટૂરિઝમ અને હોસ્પિટાલિટી ક્ષેત્રમાં ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશનની મદદથી બે ટૂંકા ગાળાના પ્રમાણ પત્ર કોર્સ શરૂ કરશે. તાલીમ લેનારે કોઈ આર્થિક બોજો ઉપાડવાનો નથી અને તદ્દન નિઃશુલ્ક તાલીમ મેળવી શકશે.

● ઈન્ડિયા મેડિકલ એસોસીએશન દ્વારા દિલ્હીમાં રાષ્ટ્રીય શાખા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગાંધીધામ તબીબી શાખામાં સૌથી નાની વયે પોતાનું નોંધપાત્ર યોગદાન આપનારા અને સતત સક્રિય રહેતા ડૉ. તન્યા જોનવાલને ડૉ.કતન દેસાઈ યુવા લીડર એવોર્ડ એનાયત કરાયો. એવોર્ડ વિજેતા મહિલા તબીબ ગાંધીધામ આઈ.એમ.એ.ના ખજાનચી પદે સેવારત છે. સંગઠનમાં છેલ્લાં બે વર્ષથી કાર્યરત રહી સેવા આપે છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA